# નવસારી કૃષિ યુનિવર્સિટી
## એરૂ ચાર રસ્તા,નવસારી

ડૉ.એમ.એસ.પુરોહિત
ઇ/ચા કુલસચિવ

ફોનઃ૦૨૬૩૭-૨૮૨૮૨૩ અને ૨૮૨૭૭૧-૭૫ એક્ષ.૧૧૩૨ .
મોઃ ૯૮૨૫૧૩૬૭૯૩ ઈ.મેલઃregistrarnau@yahoo.co.in


**વંચાણમાઃ-** શ્રમ અને રોજગાર વિભાગ,ગાંધીનગરનાં અંગ્રેજી નોટીફીકેશન નં. કેએચઆર-૨૦૧૨-૨૦ -૨૯-એલવીડી-૧૦- ૨૦૧૧ -જીઓ એલ૦૪-એમ(૨),તા.૬-૩-૨૦૧૨

## -:પરિપત્રઃ-

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના મુખ્ય કેન્દ્ર તથા વિવિધ સંશોધન કેન્દ્રો, વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો, કોલેજ હસ્તકના સંશોધન-વ-પ્રાયોગીક ફાર્મ વિગેરે ઉપર ખેતી લક્ષી સંશોધનની કામગીરી માટે દૈનિક દરથી ખેતમજુરોને રોકવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ ધ્વારા લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ નીચે નકકી કરેલ દૈનિક લઘુતમ વેતન દર સરકારશ્રીનાં ખેતી વ્યવસાયમાં રોકાયેલ ખેતમજુરોને જે દર ચુકવવામાં આવે છે.તેનો અમલ આ કૃષિ યુનિવર્સિટીમાં પણ કરવામાં આવે છે.આમ, આ કૃષિ યુનિવર્સિટીનાં ખેત મજુરોને ગુજરાત સરકારે નકકી કરેલ વેતન દર ચુકવવામાં આવે છે.

ગુજરાત સરકારશ્રી તરફથી તાજેતરમાં ઉપરોકત વંચાણે લીધેલ નોટીફીકેશનથી ખેત વ્યવસાયમાં રોકાયેલ રોજમદાર ખેતમજુરોનાં દૈનિક લઘુતમ વેતન દર ₹ ૧૨૦/-(અંકે એકસો વીસ પુરા)તાઃ૦૬/૦૩/૨૦૧૨ થી અમલમાં આવેલ છે. તે મુજબ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના મુખ્ય મથક અને યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો ઉપર રોકવામાં આવતા ખેત મજુરોનાં દૈનિક લઘુતમ વેતન દર ₹૧૦૦/-ના ₹ ૧૨૦/-(એકસો વીસ કરવામાં આવે છે) જેનો અમલ તારીખ૦૬/૦૩/૨૦૧૨ થી કરવાનો રહેશે.

**તારીખઃ૦૬/૦૩/૨૦૧૨ થી તારીખઃ૧૫/૦૬/૨૦૧૨ સુધીના તફાવતની ચુકવણી કરવાની રહેશે.અને તારીખઃ ૧૬/૦૬/૨૦૧૨ થી નવા દર મુજબ દૈનિક દરની ચુકવણુ કરવાની રહેશે .**

**પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની ફાઈલ ઉપર અનુમતી મેળવી બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૧/મંજુરી/૧૦૩૯૯-૪૪૯/૨૦૧૨.**
**નવસારી.** **તારીખઃ ૧૬/૦૬/૨૦૧૨.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

**નકલ સવિનય રવાના :-**

૧. **નવસારી કૃષિ યુનિવર્સિટી ના યુનિટ/સબયુનિટ ના અધિકારી શ્રીઓ તરફજાણ તેમજ અમલ થવા સારૂ.**
૨. **હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂ.**
૩. **વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ની કચેરી તરફ જાણ થવા સારૂ.**
૪. **નિયામકશ્રી,આઈટી સેલ વિભાગ નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ તથા સદરહુ પરિપત્ર ઓન લાઈન આ યુનિવર્સિટીની વેબ સાઈડ ઉપર મુકવા ઘટતુ કરવા સારૂ.**